ગાંધીનગર સમાચાર






# મોડાસા શહેરમાં યૌવન હિલોળે ચઢ્યુ : પ્રાચીન ગરબી યથાવત, સહકારી જીન નવરાત્રીમાં વેશભૂષા



મોડાસા શહેરમાં નવલા નોરતાની રઢીયાળી રાતો હવે જામી રહી છે. મોડાસા શહેરની નવરાત્રીમાં ગરબાની રમઝટ અને ખેલૈયાઓનો થનગનાટમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. પ્રાચીન-અર્વાચીન ગરબા ડી.જે.ના તાલે ખેલૈયાઓ ઝુમી ઉઠે છે. નવરાત્રીની પહેલી પસંદ ચણીયાચોલી અને દેશી વેશભુષા બની રહેવા પામી છે. નવરાત્રીના સ્થળોએ ચાચરના ચોકમાં ખેલ ખેલે રે... ભવાનીમાં જય જય અંબેમા ના ગરબા સાથે નોરતાનો માહોલ બરાબર જામ્યો છે. મોડાસા શહેરમાં પ્રાચીન ગરબીનો દબદબો કેટલીક સોસાયટીમાં યથાવત છે. વિવેકાનંદ સોસાયટીના ગ્રાઉન્ડમાં એક મહિલા પ્રાચીન પ્રણાલીને યથાવત રાખતા નવરાત્રીના નોરતામાં માટીના કોડિયામાં કપાસીયા નાખી કોડીયાને ગરાની ઉપર અને અંદર ગરબામાં દિપ પ્રગટાવી ચોકની વચ્ચે મોતી ભરેલી ઈંઢોણી ગોઠવી ગરબે માથે મુકી ઘુમતા જોવા મળ્યા હતા. શહેરની શેરીઓમાં ગરબીની પરંપરા જાળવી રાખવામાં આવી છે. મોડાસા કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા યોજાતી સહકારી જીનના ગ્રાઉન્ડમાં નવરાત્રીના પાંચમા નોરતે વેશભુષા યોજાઈ હતી. જેમાં વડીલો અને બાળકોએ ભાગ લીધો હતો. જાણે શંકર ભગવાન અને સાંઈબાબા નવરાત્રીના ગરબે રમતા હોય તેવો નજારો જોવા મળ્યો હતો.

# શેરી ગરબા સ્પર્ધામાં સે. ૭-બી નવરાત્રી ચોક અને સે. ૩-સી કલ્ચરલ સ્કવેર વિજેતા

## જ્યોતિ મહિલા મંડળ દ્વારા ૨૬મીએ બેઠા ગરબા સ્પર્ધાનું આયોજન : આ દરમ્યાન શેરી ગરબા સ્પર્ધાના પ્રથમ ચાર વિજેતાઓને ઈનામ એનાયત કરાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં સેક્ટરોની શેરીઓમાં શેરી ગરબાઓનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. બનાવવા ઉપરાંત પ્રોત્સાહિત કરવાના અભિગમ સાથે શેરી ગરબાની સ્પર્ધા પણ યોજવામાં આવે છે. જ્યોતિ મહિલા મંડળ દ્વારા છેલ્લા સાડા ત્રણ ઉત્સાહભેર શેરી ગરબાના આયોજકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાનો અંતે સે. ૭-બી નવરાત્રી ચોકમાં ગોપી મંડળની બહેનોએ રજૂ




નવરાત્રી દરમ્યાન શેરી ગરબામાં શક્તિની ભક્તિ સાથે કલા અને સંસ્કૃતિની અનોખી ચેતના જાગૃત થાય છે. સેક્ટરોમાં યોજાતા શેરી ગરબાના આયોજનને બળવંતર દાયકાથી શેરી ગરબાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ મહિલા મંડળ તેમજ વિવેક ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે શેરી ગરબા સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં કરેલા ગરબાને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયેલો. જ્યારે બીજા ક્રમે સે. ૩-સી કલ્ચરલ સ્કવેરમાં નીરાલી જોષીના ગ્રુપનો દ્વિતીય સ્થાને વિજેતા જાહેર કરવામાં આવ્યું છે.

સેક્ટરોમાં યોજાતા શેરી ગરબાઓને પ્રોત્સાહિત કરવા જ્યોતિ મહિલા મંડળ દ્વારા છેલ્લા ૩૫ વર્ષથી શેરી ગરબા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ વિવિધ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી આ ગરબા સ્પર્ધા યોજવામાં આવી હતી. નવરાત્રીના પ્રારંભીક તબક્કે શેરી ગરબાના સ્પર્ધકો લતાબેન ચોકસી, મીનળબેન ઓઝા તેમજ નિર્ણાયક ગણની ટીમે સેક્ટોરમાં રાઉન્ડ લઈ શેરી ગરબાઓનું નિરિક્ષણ કર્યું હતું. જેના અંતે શેરી ગરબાના પ્રથમ ક્રમે સે. ૭-બી નવરાત્રી ચોક, દ્વિતીય ક્રમે સે. ૩-સી કલ્ચરલ સ્કવેર જ્યારે ત્રીજા સ્થાને સે. ૩-બી ધનલક્ષ્મી ચોકના રમીલાબેન મિસ્ત્રીના ગ્રુપ વિજેતા સ્થાને રહ્યું છે. જ્યારે ચોથા ક્રમે સે. ૬ અંબિકા ચોક ઈન્દુબેન નિમાવતના ગ્રુપે સ્થાન મેળવ્યું છે. શેરી ગરબા સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સુધીરભાઈ દેસાઈ તેમજ જયશ્રીબેન ખેતીયાએ સેવા આપી હતી. આ અંગે જ્યોતિ મહિલા મંડળના લતાબેન ચોકસીએ જણાવ્યું હતું કે મહિલા મંડળ દ્વારા ૨૬ ઓક્ટોબરના રોજ સે. ૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે બપોરે ૨.૦૦ વાગે બેઠા ગરબા સ્પર્ધા યોજવામાં આવનાર છે.

# અરડુવાસ પાટીયા પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલકનું મોત

શિહોરી, તા. ૧૮

કાંકરેજ તાલુકાના શિહોરી-પાટણ રોડ ઉપર આવેલ અરડુવાસના પાટીયા પાસે કોઈ અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતા બાઈક સવારનું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય બાઈક સવારને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પાટણ તાલુકાના ઉંદરા ગામના ૨૫ વર્ષીય યુવાન કાળાભાઈ વિરાભાઈ ઠાકોર ગતરોજ રાત્રીના સુમારે બાઈક નં. જીજે૮એ-૩૦૦૨ લઈ શિહોરી મુકામે નવરાત્રી જોવા માટે આવતો હતો. બાઈક પર અન્ય મિત્ર નારાયણજી સુરાજી ઠાકોર (ગામ અરડુવાસ) પણ સાથે હતો. આ દરમ્યાન અરડુવાસ પાટીયા પાસે કોઈ અજાણ્યા વાહને બાઈકને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં કાળાજી ઠાકોરને ઈજાઓ થતા ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.જ્યારે અન્ય બાઈક સવાર નારાયણજીને ઈજાઓ થતા ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

## કલ્ચરલ ફોરમની નવલી નવરાત્રિના વિજેતા

### ત્રીજું નોરતુ

| કેટેગરી | બોય | ગર્લ |
|---|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ વિનર | જય પટેલ | આસ્થા શાહ |
| (૭ વર્ષ સુધીના) રનર્સઅપ | પ્રાંશુ શાહ | હિયા શાહ |
| બેસ્ટકીડ - વિનર | સ્મિત કંદોઈ | અનેરી પટેલ |
| (૭ થી ૧૨ વર્ષ) રનર્સ અપ | ધ્યાન પારેખ | રિદ્ધિ શુકલા |
| બેસ્ટ ટીનેજર-વિનર | મહર્ષિ એચ.રાવલ | કુંડલ દાસડા |
| (૧૩ થી ૧૭ વર્ષ) રનર્સ અપ | પૃથ્વી ઠક્કર | પૂર્વી ઘોઘારી |
| બેસ્ટ ડ્રેસ - વિનર | સત્યમ બારોટ | ચેતના ચાવડા |
| રનર્સ અપ | જોગીન્દર રાજોરા | વૈદેહી મુંન્ધવા |
| બેસ્ટ કિંગ/ક્વીન-વિનર | રૂપેશ પરીખ | હિના કંદોઈ |
| (૪૦ વર્ષથી ઉપરના) રનર્સ અપ | નરેન્દ્ર જાદવ | સ્મિતા સુથાર |
| બેસ્ટ પેર - વિનર | હર્ષ ત્રિવેદી | પિન્કી પુંદ્રા |
| રનર્સ અપ | રોકી પટેલ | જીત રાવલ |
| બેસ્ટ પરફોર્મન્સ-વિનર | રાજન કોસંબીયા | કરિશ્મા વોરા |
| (પ્રિન્સ/પ્રિન્સેસ) રનર્સ અપ | રાકેશ પટેલ | ભાગવી ગુડવે |

# સ્ટેચ્યુ ઓફ યુનીટીના નિર્માણનો ચીની કંપનીને આપેલ કોન્ટ્રાક્ટર સરકાર રદ કરે : નિશીત વ્યાસ

ગાંધીનગર, તા. ૧૮

ભાજપ સરકારમાં શરમ હોય તો સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ જાળવમી અને ડીઝાઈન માટે ચીની કંપનીને આપવામાં આવેલો કોન્ટ્રાક્ટ રદ કરવાની માંગણી પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નિશીત વ્યાસે કરી છે.

ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કરતા પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી નિસીત વ્યાસે જણાવ્યું હતું કે સ્વદેશીના ગાણા ગાતી અને મેક ઈન ઈન્ડિયાના નામે કરોડો રૂપિયાની જાહેરાત દ્વારા પ્રજામાં ભ્રામકતા ઉભી કરનાર મોદી સરકાર અને ભાજપ સરકારે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમાના નિર્માણ જાળવણી ડીઝાઈનનો કોન્ટ્રાક્ટ ચીની કંપનીને સોંપીને દેશના નાગરિકો સાથે વચનભંગ પ્રજાદ્રોહ કર્યો છે.

ભાજપ સરકાર હંમેશા બોલે કાંઈક અને કરે કાંઈક તેજ વાતને આગળ વધારતા હોય તેમ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા માટેની તમામ કોન્ટ્રાક્ટ ચીની કંપનીને હવાલે કરી દીધો હોવાનો આક્ષેપ કરતાં તેમણે જણાવ્યું હતું કે ભાજપ સરકારનું આ કૃત્ય સરદાર વલ્લભભાઈ પટેલની વિચારધારા પર પણ આકરા પ્રહાર સમાન છે.

# અરવલ્લી જિલ્લામાં જનજાગૃતિ અભિયાન યોજાયું

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે જનજાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના બી. જે. મેડીકલના નિષ્ણાત ડૉક્ટર ધવર સ્વાઈન ફ્લુ તથા ડેન્ગ્યુ જેવી બીમારીઓથી કઈ રીતે બચવું તેની માહિતી આપવામાં આવી હતી.





મોડાસા ચાર રસ્તા પર આવેલ મહાલક્ષ્મી ટાઉનહોલ સભાગૃહમાં ઈન્ડિયા રેસ ક્રોસ સોસાયટી અને ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે જનાજાગૃતિ અભિયાના યોજવામાં આવ્યું હતું. જેમાં ડેન્ગ્યુ તથા સ્વાઈન ફલુ વિષેની માહિતી અને અન્ય જીવલેણ રોગોની માહિતી આપવામાંઆવી હતી. આ કાર્યક્રમમાં મન્ચસ્ત મહેમાનો જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆક ઈન્ડિયાન રેડક્રોસ સોસાયટીના ચેરમેન ભરતભાઈ પરમાર, ડૉ. ડી. એમ. દવે તથા બી. જે. મેડીકલ કોલેજના પ્રોફેસર કમલેશભાઈ ઉપાધ્યાય નગરપાલિકા પ્રમુખ એસ. આર. પટેલ તથા ડૉ. ટી. બી. પટેલ, ઈકબાલભાઈ ઈપ્રોલીયા, મહેન્દ્રભાઈ રાજપુરોહિત જેવા મહાનુભાવો ઉપસ્થિત રહી દિપ પ્રાગટ્ય અને મહેમાનોનું ફૂલછડીથી સ્વાગત કરી આ કાર્યક્રમને ખૂલ્લો મૂકવામાં આવ્યો હતો.

જ્યારે આ કાર્યક્રમમાં સ્વાઈન ફ્લુ, ડેન્ગ્યુ જેવી ભયંકર જીવલેણ બીમારીઓ વિષે બી. જે. મેડીકલ કોલેજના પ્રો. ઓફ મેડીસીન ડૉ. કમલેશભાઈ ઉપાધ્યાય અને સારાવજનિક હોસ્પિટલના ડી. એમ. દવેએ અરવલ્લી જિલ્લા વાસીઓને માહિતી પૂરી પાડી હતી. આ કાર્યક્રમને નિહાળવા અરવલ્લી જિલ્લાના આશરે ૪૦૦થી વધુ નાગરિકો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનો સંપૂર્ણ કાર્યભાર ઈન્ડિયાન રેડક્રોસ સોસાયટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યો હતો.




## મગરવાડા તિર્થ ધામે ભાતિગળ લોકમેળો યોજાયો

વડગામ તાલુકાના મગરવાડા ગામે આવેલ સુપ્રસિદ્ધ અને ઐતિહાસીક એવા વિર મહારાજના મંદિરમાં આજે ભાતીગળ લોક મેળો ભરાયો હતો. મગરવાડાના સુપ્રસિદ્ધ અને પૌરાણીક મંદિરમાં બિરાજમાન શ્રી મણિભદ્રવિર મહારાજના ચરણે સમગ્ર ગુજરાત તથા આંતર રાજ્યોમાંથી ભક્તો અને દુ:ખીયારા માણસો તથા ભાવિકો આવીને આજની નવરાત્રની પાંચમના દિવસે દાદાના દર્શન કરીને પૂજા અર્ચના કરે છે તથા જુની પ્રણાલી અને પરંપરા મુજબ આ પંથકના ખેડૂત લોકો પણ શ્રી મણીભદ્ર વિરદાદાના સ્થાનની ટેક રાખે છે.

# વટવાની અપહ્યત બાળકીનો છુટકારો

શહેરના વટવા જીઆઈડીસી પાસે આવેલા ત્રિકમપુરા પાટિયા પાસે રહેતા યુવકે તેના પાડોશમાં રહેતી અઢી વર્ષની માસૂમ બાળકીને આઈસ્ક્રીમ ખવડાવવાની લાલચે અપહરણ કરીને લઈ ગયો હતો. આ અંગે વટવા પોલીસમાં ગુનો દાખલ થયો હતો જોકે,પોલીસે ડાકોરમાંથી બાળકીને આરોપીના સંકજામાંથી છોડવી હતી અને આરોપી યુવકની ધરપકડ કરી હતી. સૂત્રો મુજબ શહેરના વટવા જીઆઈડીસી વિસ્તારમાં આવેલા ત્રિકમપુરા પાટિયા પાસે કલ્પેશ દંતાણી નામનો યુવક રહે છે. ગઈકાલે બપોરે તેમના પાડોશમાં રહેતી અઢી વર્ષની માસૂમ બાળકી અને અન્ય એક બાળકને આઈસ્કી ખવડાવવાની લાલચ આપી લઈ ગયોહતો.

સેકટર ૨૪ તેમજ સે ૨૫ માં સી સી રોડનુ બાકી કામ પુરુ કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. સેકટરમાં રસ્તાઓની કામગીરી માટે દબાણની સમસ્યા પણ શિરદર્દ સમાન બની છે. આવા સંજોગોમાં વર્ષો સુધી વિકાસની દ્રષ્ટીએ ઓરમાયેલા રહેલા સેકટરમાં પાયાની સુવિધાના કામો ઝડપભેર હાથ ધરવામાં આવે તેવી લાગણી અને માંગણી પ્રબળ બની છે.




સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના દલાની મુવાડીમાં જનસેવા આપના આંગણે કાર્યક્રમ શનિવારના રોજ યોજાઈ ગયો જેમાં દલાની મુવાડી તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી મહિલાઓ સહિત ગામજનો મોટી સંખ્યામાં લાભ લીધો હતો. પ્રાંતિજના બાલીસણા નજીક આવેલ દલાની મુવાડી ખાતે પ્રાંતિજ-તલોદના પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરીના માર્ગદર્શન હેઠળ તથા પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયા તથા તાલુકા વિકાસ અધિકારી એ.જે. પટેલના અધ્યક્ષસ્થાને દલાની મુવાડી તથા આજુબાજુમાં આવેલ ગામો જેવા કે અમલાની મુવાડી, ઝાલાની મુવાડી, કેસરપુરા વગેરે છ ગામોમાંથી પણ વધારે ગામો માટેનું જનસેવા આપણે આંગણે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને રેશનકાર્ડ, આધારકાર્ડ, ક્રિમીનલ સર્ટી, પ્રધાન મંત્રી વિમા યોજના સહિત વિવિધ સહાય તથા દાખલાઓથી વંચિત સેવાઓનો લાભ તાત્કાલિક સ્થળ ઉપર લીધો હતો. જ્યારે આરોગ્ય વિભાગના અધિકારી ડૉ. ગૌતમ નાયકના અધ્યક્ષસ્થાને સરકાર દ્વારા આપવામાં આવતી ફ્રી મેડિકલ સેવાઓ તથા મા વાત્સલ્ય યોજના, મા અમૃતમ યોજના કાર્ડ પણ વિતરણ કરવામાં આવ્યા હતા. જ્યારે આરોગ્ય અંગેની ચકાસણી કાર્યક્રમ તથા દવાઓ આપવામાં આવી હતી અને સવારથી સાંજ સુધીમાં હજારોની સંખ્યામાં આ વિસ્તારના લોકોએ સેવાઓનો લાભ લીધો હતો.

## પસંદગી પ્રક્રિયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મંત્રીઓ અને નિરીક્ષકો ઉપસ્થિત રહેશે. જિલ્લા નિરીક્ષકો સાથે બેઠકમાં સંભવીત ઉમેદવારોના નામો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે અને જિલ્લા આગેવાનોની રજુઆતો સાંભળવામાં આવશે. ત્યાર બાદ સંભવીત નામોની એક પેનલ યાદી તૈયાર કરવામાં આવશે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં પાટીદાર સમાજ દ્વારા શરૂ કરવામાં આવેલ આંદોલનને લઈને ઉભી થયેલી રાજકીય પરિસ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવશે અને અનામત આંદોલનથી પ્રભાવીત વિસ્તારો અને સ્થાનિક રાજકીય પરિસ્થિતિને ધ્યાને રાખીને આ વખતે જિલ્લા તાલુકા પંચાયતમાં ઉમેદવારોના નામોની પસંદગી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ હાલમાં રાજ્યમાં ઉભી થયેલી રાજકીય પરિસ્થિતિને ધ્યાને રાખીને આ વખતે પહેલીવાર ઓ.બી.સી. મતદારોને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની પસંદગી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## પ્રબળ માંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ થઈ છે જયારે સ્ટ્રીટ લાઈટની કામગીરી પણ થોડા સમય અગાઉ પુર્ણ થઈ છે. પરંતુ સી સી રોડની કામગીરી હજુ ઘણાં વિસ્તારમાં થઈ શકી નથી જેના પરિણામે સ્થાનિક રહિશોમાં નારાજગી પ્રવર્તી છે. આ અન્વયે તંત્ર દ્વારા સી સી રોડની કામગીરી પુરી કરવા માટે અન્ય રૂ ૬૬ લાખના ખર્ચને મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવી છે પરંતુ લાંબા સમયના અંતે પણ હજુ સુધી દરખાસ્તને મંજુરી ન અપાતા કામ અધુરુ રહી ગયુ છે.

## હાઉસફુલનો શો રહ્યો.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

મેચને લઈને સમગ્ર રાજકોટ છાવણીમાં ફેરવી દેવાયું હતું. સ્ટેડિયમ અને તેના તરફ દોરી જતા માર્ગો પર પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો. રાજકોટમાં મેચને લઈને સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. હજારો પોલીસ જવાનો ગોઠવી દેવામાં આવ્યા હતા. ૨૦૦૦થી વધુ પોલીસ અને પાંચ એસપી ગોઠવવામાં આવ્યા હતા. મેચ દરમિયાન ૫ એસપી, ૨૪ ડીએસપી, ૩૨ પોલીસ ઈન્સપેક્ટર, ૧૮૩ પોલીસ સબ ઈન્સપેક્ટર, ૫ મહિલા પોલીસ સબ ઈન્સપેક્ટર, ૧૨૧૦ કોન્સ્ટેબલ, ૫૦ ટ્રાફિક પોલીસ, ૧૭૧ લેડી કોન્સ્ટબેલ પણ ખાસ જવાબદારી સોંપવામાં આવી હતી. ક્વિક રિસપોન્સ સેલની ૭ ટીમ, રાજ્ય રિઝર્વ પોલીસ ફોર્સની ૩ કંપનીઓ અને રિપીડ એક્શન ફોર્સની ૧ કંપની પણ તૈનાત કરવામાં આવી હતી.

## અટકાયત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય ટીમને ચીયરઅપ કરવાની ઈચ્છા હતી. મેચ માટેની ટિકિટ પણ હતી. હાર્દિકે કહ્યું હતું કે, શાંતિ જાળવી રાખવા લોકોને અપીલ કરવા તેઓ ઈચ્છુક હતા. અગાઉ હાર્દિકે ગઈકાલે જ કહ્યું હતું કે, બંને ટીમોના રસ્તાને રોકવામાં આવશે. તેમને સ્ટેડિયમમાં પહોંચવાની મંજુરી અપાશે નહીં. જો તેમના સમર્થકોને વિરોધ કરવા અંદર જવાની મંજુરી નહીં મળે તો ઘેરાવ કરવામાં આવશે. હાર્દિકે રાજકોટ મેચ દરમિયાન મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા માટે લોકોને અપીલ પણ કરી હતી. હાર્દિક પટેલ છેલ્લા ઘણા દિવસથી આનંદીબેન સરકાર સામે આંદોલનને લઈને મુશ્કેલી સર્જી રહ્યો છે.